# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# CM GANDHINAGAR HANDLOOM DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં આવેલી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેકનોલૉજી – **NIFT** ખાતે રાષ્ટ્રીય હાથસાળ દિવસની ઉજવણી કરવામાં આવી. શ્રી પટેલે **NIFT** દ્વારા યોજાયેલ હાથસાળ પ્રદર્શનને ખૂલ્લું મુક્યું. અહીં રાજ્ય સહિત દેશભરની વિવિધ હસ્તકલા કારીગરોની તેમ જ હાથસાળની વસ્તુઓ પ્રદર્શન માટે મૂકવામાં આવી છે.

મુખ્યમંત્રીએ **NIFT** પરિસરમાં ફેશન ડિઝાઈન ડિપાર્ટમેન્ટ, ફેશન એન્ડ લાઇફસ્ટાઇલ એસેસરીઝ ડિપાર્ટમેન્ટ અને માસ્ટર ઑફ ડિઝાઇન ડિપાર્ટમેન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત સહિત વિવિધ અગ્રણીઓ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

-----------------

# GUJARAT TREE PLANTATION RECORD

દેશવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધી 7 કરોડ 15 લાખથી વધુ છોડનું વાવેતર થતાં ગુજરાત દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે. 37 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અત્યાર સુધીમાં 29 કરોડ 37 લાખથી વધુ છોડના વાવેતરનો નવો વિક્રમ સ્થાપિત થયો છે.

રાજ્યના વન મંત્રી મુળૂભાઈ બેરાએ કહ્યું, ગ્રામ્ય વિસ્તારમાં 57 લાખ 26 હજાર, શહેરી વિસ્તારમાં એક લાખ એમ કુલ 58 લાખ 29 હજાર છોડના વાવેતર સાથે આ અભિયાનમાં સુરત જિલ્લો રાજ્યમાં પહેલા ક્રમાંકે છે.

-----------------

## STATE RAIN

રાજ્યના હવામાન વિભાગે આવતીકાલે સુરત, નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે નવમી ઑગસ્ટે બનાસકાંઠા, નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આજથી 10 ઑગસ્ટે સુધી માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના આપી છે.

રાજ્યમાં ફરી એક વાર વરસાદનું જોર ઘટ્યું છે. ગાંધીનગર સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા પ્રમાણે, આજે સવારે 6 થી 2 વાગ્યા દરમિયાન માત્ર 27 તાલુકામાં સામાન્ય વરસાદ થયો છે. સત્તાવાર યાદી પ્રમાણે, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 68 ટકા વરસાદ નોંધાયો છે. આમાં સૌથી વધુ 87 ટકા વરસાદ કચ્છમાં તો સૌથી ઓછો 49 ટકા વરસાદ પૂર્વ-મધ્ય ગુજરાતમાં વરસ્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ અત્યાર સુધી કુલ સંગ્રહશક્તિના 65 ટકા ભરાઈ ગયો છે. જ્યારે રાજ્યના અન્ય 206 જળાશયમાં કુલ સંગ્રહશક્તિના 61 ટકા જળસંગ્રહ થયો છે. રાજ્યના 47 ડેમ 100 ટકા

ભરાઈ ગયા છે. આ સાથે જ 61 ડેમ હાઈઅલર્ટ, 14 ડેમ અલર્ટ અને 12 ડેમ વૉર્નિંગ પર છે.

રાજ્યમાં વરસાદ સ્થિતિને પહોંચી વળવા નર્મદા, કચ્છ, વલસાડ, જુનાગઢ, સુરત, વડોદરા અને નવસારીમાં રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ – NDRFની એક-એક ટુકડી તહેનાત છે. જ્યારે દેવભૂમિદ્વારકા જિલ્લામાં 2 ટુકડી તહેનાત કરાઈ છે.

તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, ઉકાઈ ડેમના ઉપરવાસમાંથી સતત પાણીની આવકના કારણે ડેમના ચાર દરવાજા ખોલવામાં આવ્યા છે. આ ચારેય દરવાજાને ચાર ફૂટ ખોલી 28 હજાર 520 ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે ડેમની સપાટી રૂલ લેવલ 335 ફૂટ સુધી પહોંચી છે.

----------------

## AMC Boom Barrier

અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરના 19 અંડરપાસમાં બૂમ બેરિયર લગાવવાનો નિર્ણય કર્યો છે. આ સુવિધાથી અંડરપાસમાં વરસાદી પાણી ભરાતાં જ દરવાજા આપમેળે બંધ થઈ જશે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે, ચોમાસા દરમિયાન અન્ડરપાસમાં પાણી ભરાઈ જવાથી અંડરપાસ બંધ કરવા પડે છે. તેના ઉકેલ સ્વરૂપે મહાનગરપાલિકા શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલા 19 અંડરપાસમાં CCTV કેમેરા, ઑટોમેટિક લેવલ સેન્સર અને બૂમ બેરિયર લગાવશે. તેમ જ તેનું ઑનલાઇન મોનિટરિંગ પણ કરાશે.

--------

## JAMNAGAR CHANDIPURA

જામનગર શહેરની ગુરૂ ગોવિંદસિંહ સિવિલ હૉસ્પિટલમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીનું મોત નીપજ્યું છે. જામનગરના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, જિલ્લાના ધ્રોલની ચાર વર્ષની બાળકીનું હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જોકે, હજી બાળકીનો ચાંદીપુરા વાઈરસનો રિપોર્ટ આવવાનો બાકી છે.

------------------------------

## NAND GHAR – B.BABRIYA

ગાંધીનગરના જાખોરા ગામ ખાતે દેશમાં સૌપ્રથમ વાર લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીથી સજજ નંદ ઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે આજે આ નંદ ઘરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

તેમણે લાભાર્થીઓ માટે સમાન વ્યવસ્થાપન પ્રણાલી અને આંગણવાડીઓની ફરિયાદ નિવારણ વ્યવસ્થા માટેની મોબાઇલ એપ પણ

લોન્ચ કરી હતી. આ ઉપરાંત તેમણે  જુનાગઢ તથા ભાવનગર ખાતે નવનિર્માણ પામેલા સખી વન સ્ટોપ સેન્ટરનું પણ લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજી દ્વારા એક હજાર જેટલી આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવશે.

--------